# ક્રિશ્ના હોટલ પર લકઝરી ઉભી નહી રાખે તો રોજ કાચ ફુટશે

## ચિલોડા પાસે લકઝરી ઉભી રખાવી ક્રેટા ગાડીમાં આવેલા તત્વોએ ડ્રાઈવર સાથે ગાળાગાળી કરીને લકઝરીમાં તોડફોડ કરી

## બે દિવસ પહેલા આ જ લકઝરીના બીજા ડ્રાઈવરને માર માર્યો હતો : હોટલમાં કમાણી કરવા લુખ્ખાગીરી શરૂ

ગાંધીનગર, તા. ૫

હાઈવે ઉપરની હોટલમાં લાંબા રૂટમાં મુસાફરો ભરીને જતી લકઝરીઓ ઉભી રહે તો કમાણી સારી થતી હોય છે. પણ હવે હોટલમાં કમાણી કરવા માટે હોટલ માલીકો-સંચાલકો લુખ્ખાગીરી ઉપર ઉતરી આવ્યા હોય તેમ લાગી રહ્યું છે. ગઈ રાત્રે જનતા ટ્રાવેલ્સની લકઝરીને રોકીને ક્રેટા ગાડીમાં આવેલા તત્વો લાકડીઓ લઈને ઉતર્યા અને લકઝરીમાં તોડફોડ કરી ડ્રાઈવર સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા. લકઝરી ક્રિષ્ના હોટલ ઉપર ઉભી નહી રાખે તો રોજ કાચ ફુટશે તેવી ધમકી આપી ટોળકી નંબર વગરની ક્રેટા ગાડીમાં ફરાર થઈ ગઈ હતી. આ મામલે ડ્રાઈવરે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી ઉમેર્યુ હતુ કે બે દિવસ અગાઉ આ જ લકઝરીના બીજા ડ્રાઈવર સાથે પણ આ ગેંગે લકઝરી રોકાવી લકઝરી હોટલે ઉભી ન રાખવા બાબતે મારામારી કરી હતી.

જનતા ટ્રાવેલ્સની લકઝરી નં. આર.જે.૨૭.પીએ.૪૫૭૭ લઈને રાજસ્થાનનો ડ્રાઈવર કાળુભાઈ દલાભાઈ મીણા ગઈકાલે રાત્રે અમદાવાદથી ચિલોડા હાઈવે પકડીને હિંમતનગર તરફ જઈ રહ્યા હતા. ચિલોડા સર્કલ ક્રોસ કરીને ડ્રાઈવર થોડો આગળ પહોંચ્યો ત્યાં નંબર વગરની ક્રેટા ગાડી લઈને ત્રણ શખ્સો આવ્યા અને લકઝરી રોકાવી દીધી હતી. ક્રેટામાંથી ત્રણેક શખ્સો લાકડીઓ લઈને ઉતર્યા અને ડ્રાઈવરને કહ્યુ કે લકઝરી ક્રિશ્ના હોટલે કેમ ઉભી નથી રાખતો ? તેમ કહીને ગાળાગાળી કરી લકઝરીમાં તોડફોડ કરી મુકી હતી. લુખ્ખાગીરી ઉપર ઉતરી આવેલા હોટલ માલીક-સંચાલકોએ તોડફોડ કરી ડ્રાઈવરને કહ્યું કે હોટલે લકઝરી ઉભી નહી રાખે તો રોજ લકઝરીના કાચ ફુટશે તેવી ધમકી આપી તત્વો ફરાર થઈ ગયા હતા. ચિલોડા પોલીસ સ્ટેશનને ડ્રાઈવર કાળુભાઈએ ક્રિશ્ના હોટલના માલીક મંગળસિંગ સહિતના તત્વો સામે ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. ડ્રાઈવરે ફરીયાદમાં ઉમેર્યુ હતુ કે બે દિવસ પહેલા પણ આ જગ્યાએ તેમની જ લકઝરીના બીજા ડ્રાઈવરને માર મારવામાં આવ્યો હતો.

# ઓમ લેન્ડ માર્ક સ્કૂલનો મલ્હાર ૨૦૧૮ વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૫



ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદ સંચાલિત ઓમલેન્ડ માર્ક સ્કૂલ (ગુજરાતી) માધ્યમનો બાળ કલાકારોની ભવ્ય સાંસ્કૃતિક કલા મલ્હાર ૨૦૧૮ વાર્ષિકોત્સવની ઉજવણી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલ, ટ્રસ્ટી અશોકભાઈ રાવલ, અલ્પાબેન રાવલ, કેમ્પસ ડાયરેક્ટર સઈદાબેન કોવડીયા તથા મુખ્ય મહેમાન ડૉ. હિમાંશુ પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં એસએસસી તથા એચએસસી ૨૦૧૭માં રેન્ક મેળવનાર તેજસ્વી તારલાઓ તેમજ બેસ્ટ સ્ટુડન્ટ્સ ઓફ ધ યર, બીએસસીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની ગુજરાત યુનિ.માં ટોપ ટેનમાં નોમિનેટ થવા બદલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.




૨૭બી ફૂટબોલ રમતમાં ઈન્ડીયા ટીમમાં પસંદગી પાત્ર બે વિદ્યાર્થીઓને પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. ખેલમહાકુંભ, કલામહાકુંભ, ૨૭બી અને વસંતોત્સવમાં સુંદર પ્રદર્શન કરનાર શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સંસ્થાના વિજ્ઞાનના વિવિધ મોડેલ્સનું પ્રદર્શન તેમજ સ્પોર્ટસ કક્ષાએ એડવેન્ચરમાં વિદ્યાર્થીઓ વિશિષ્ટ પ્રદર્શન કરી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. મલ્હાર-૨૦૧૮ વાર્ષિકોત્સવમાં પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. તમામ સાંસ્કૃતિક કૃતિઓની ડાન્સ શિક્ષક હર્ષદભાઈ પટેલે કોરીયોગ્રાફી કરી ઉત્તમ કામગીરી બજાવી હતી. સંસ્થા દ્વારા તેમનો વિશિષ્ટ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવા બદલ શાળા પરિવારે તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને રસપૂર્વક માણ્યો હતો.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સીધી વાત છે... સાંપ્રદાયીકતા છે... આવું જ હરણ શ્રી રામે માર્યું હતું... કોઈ સજા થઈ હતી તેમને ??? ... બોલો...!!

# દંતાલી રેલવે ટ્રેક પરથી યુવાનનો કપાઈ ગયેલો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૫

દંતાલી ગામની સીમમાંથી પસાર થતી રેલવે ટ્રેક ઉપરથી ફાટક પાસે મંગળવારે રાત્રે આશરે ૨૦ થી ૨૫ વર્ષના અજાણ્યા યુવનનો કપાઈને બે ટુકડા થઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. અમદાવાદથી કલોલ જતી ટ્રેઈન નીચે કપાઈ ગયેલો આ યુવાન ટ્રેનમાંથી પડીને કપાઈ ગયો કે આપઘાત કર્યો તે બાબત હજુ રહસ્યમય છે. મૃતકની ઓળખ થાય તેવા કોઈ પુરાવા પણ મળ્યા નથી. અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. મૃતકના જમણા હાથે ટેટુ, ડાબા હાથના અંગુઠે 'એસ' લખેલું છે. શરીરે જીન્સ પેન્ટ, વાદળી ટી શર્ટ અને પગે કેનવાસના બુટ પહેર્યા છે. મૃતકની ઓળખ માટે પોલિસ તપાસ ચલાવી રહી છે.

# વિદ્યુત સહાયકો અને એપ્રેન્ટીસ લાઈનમેનના પડતર પ્રશ્ન અંગે ધરણા

## સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ધરણા યોજીને તંત્ર વિરુધ્ધ સુત્રોચ્ચાર કર્યા

ગાંધીનગર, તા.૫

રાજયમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને તેને સંલગ્ન કંપનીઓમાં વિદ્યુત સહાયક તરીકે આઉટ સોર્સિંગમાં કામ કરતા કર્મચારીઓનું ખુબ જ મોટાપાયે શોષણ થઈ રહ્યું છે. આ ઉપરાંત એપ્રેન્ટીસ લાઈનમેનને પણ સમયસર યોગ્ય પ્રમાણમાં ભરતી ન થવાને લીધે બેરોજગારીનો પ્રશ્ન સતાવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે વિદ્યુત સહાયકો અને એપ્રેન્ટીસ લાઈનમેનો પોતાના પડતર પ્રશ્નો અંગે મોટીસંખ્યામાં એકઠા થયા હતા અને તંત્ર વિરુધ્ધ સુત્રોચ્ચાર કરીને પોતાનો રોષ વ્યકત કર્યો હતો.




ગુજરાત ઉર્જા વિકાસ નિગમ અને તેના સંલગ્ન કંપનીઓમાં વિદ્યુત સહાયકો તરીકે રાજયભરમાં ૪૦ હજારથી વધુ યુવાનો કામ કરે છે. તેમનો આઉટસોર્સિંગ દ્વારા માત્ર ૫૦૦૦ થી ૫૩૦૦ પગાર મળે છે.જયારે વધુ પગારમાં સહી કરવવામાં આવે છે. દરેક વર્ષે હજ્જારોની સંખ્યા ખાલી હોવા છતા માત્ર ગણતરીની સંખ્યાની જ ભરતી કરવામાં આવે છે. ૧૯૬૨ના કરાર મુજબ દરેક એપ્રેન્ટીસને નોકરી આપવા માટે સરકાર બંધાયેલી છે. પરંતુ સરકાર દ્વારા ૨૦૧૩ના પરિક્ષા પધ્ધતિથી નોકરીમાં વંચિત રહે છે. એપ્રેન્ટીસને બે વર્ષની તાલિમ બાદ નોકરી પર લેવામાં આવે છે. તેમાં વિદ્યુત સહાયક તરીકે વર્ગ ચારમાં નોકરી આપીને અમારુ શોષણ થાય છે. તો વર્ગ ત્રણમાં નોકરી આપવી, ઉપરાંત ૬૬ કે.વી. સબ સ્ટેશનોને પ્રાઈવેટ હસ્તક આપી આઉટ સોર્સિંગ પ્રથા અમલમાં મુકવામાં

● અનુસંધાન પાના - ૭ પર


